ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૫-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

આનંદીબહેનને આવકાર અને અભિનંદન

ગુજરાતમાં જરા જુદી ભાતનું સત્તાપરિવર્તન થઈ રહ્યું છે. સત્તાપરિવર્તન અગાઉ પણ થતાં રહ્યાં છે પરંતુ એમાં વિદાય લેતા મુખ્યમંત્રીને રાજીનામું આપવાની ફરજ પડતી, એમનો હાઈકમાંડ એમને પદત્યાગ માટે આદેશ કરતો અથવા કવચિત પાર્ટીમાં જ બળવો થવાને કારણે એવી પરિસ્થિતિ સરજાતી. ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાને પદ એટલા સારું છોડી દેવું પડેલું કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાત પૂરતા સર્વેસર્વા ગણાતા મોરારજી દેસાઈને એ ગમતા નહોતા. નરેન્દ્રભાઈને મુખ્યમંત્રી બનાવાયા ત્યારે કેશુભાઈ પટેલ એમના હાઈકમાંડને હટાવવાલાયક લાગ્યા હતા. સુરેશ મહેતા મુખ્યમંત્રી બન્યા ત્યારે કેશુભાઈ પટેલ સામે શંકરસિંહ વાઘેલાએ બૂંગિયો ફૂક્યો હતો અને સુરેશ મહેતાને સમાધાનરૂપે સ્વીકારાયા હતા. છબીલદાસને ચીમનભાઈ પટેલનું મૃત્યુ ફળ્યું હતું. આ તમામ કિસ્સાઓ કરતાં આનંદીબહેનનું રાજયારોહણ જુદું અને ઉલ્લાસપ્રેરક છે. નરેન્દ્રભાઈ બારે-તેર વર્ષની યશસ્વી કારકિર્દી પછી મુખ્યમંત્રી પદ ત્યજીને વિશ્વની સૌથી મોટી લોકશાહીના સૂત્રધાર- ભારતના વડાપ્રધાન બની રહ્યા છે. એમને જેવું 'પ્રમોશન' મળી રહ્યું છે એવું આજપર્યંત અપવાદરૂપે એચ.ડી. દેવગોવડાને બાદ કરતાં કોઈપણ રાજયના મુખ્યમંત્રીને મળેલ નથી. દેવગોવડાનું નસીબ જોર કરતું હતું, નરેન્દ્ર મોદીનો પુરુષાર્થ કમાલ કરી ગયો છે. પુરુષાર્થી મુખ્યમંત્રી એમના રાષ્ટ્રીય સ્તરે પ્રમોશનના પગલે મંત્રીમંડળમાં એમના સૌથી વિશ્વાસુ સાથીને અનુગામી તરીકે નિયુક્ત કરતા જાય છે તે પણ એક રીતે ગુજરાત માટે અને ભારતીય જનતા પાર્ટી માટે શુભસંકેત સમી ઘટના છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં વર્તુળોમાં ઊઠેલા કહેવાતા કચવાટને અને મંત્રીમંડળના સિનિયર સાથીઓની કહેવાતી મહેચ્છાને તથા ખુદ નરેન્દ્રભાઈ મોદીના અભિન્ન અંગ જેવા બની રહેલા અમિત શાહની મહત્વાકાંક્ષાને અવગણીને આનંદીબહેન પટેલની સ્થાપના એ કોઈ અપ્રત્યાશિત ઘટના નથી. નરેન્દ્રભાઈને ઓળખનારા તો અગાઉથી જાણતા હતા કે તેઓ એમના અનુગામી તરીકે આનંદીબહેનના નામ પર જ મહોર મારવાના છે. હવે જ્યારે પાર્ટીમાં મોદી હાઈકમાંડના પણ હાઈકમાંડ બની ચૂક્યા છે ત્યારે એમની ઈચ્છા કે નિર્ણય સામેના તમામ વાંધાવચકા વાંઝિયા જ નીવડવાના છે, તેની સંઘ સહિત પાર્ટીના તમામ હોદ્દેદારોને પાકી સમજણ અને ખાતરી છે. આનંદીબહેન પટેલની પસંદગી પાછળ માત્ર અંગત વફાદારી જ કારણભૂત નથી. શ્રીમતી આનંદીબહેન મફતલાલ પટેલની કાર્યદક્ષતા અને વહીવટકુશળતા સામે આંગળી ચીંધી શકાય એમ નથી. મોદી મંત્રીમંડળમાં નીતિનભાઈ પટેલ અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કે સૌરભ દલાલ જેવા કાર્યક્ષમ સભ્યો જરૂર છે, પરંતુ બ્યુરોક્રસી ઉપર આનંદીબહેન ધરાવે છે એટલા કડપ અને ગુજરાતના પ્રશ્નો વિશેની ઊંડી સમજ તથા મહિલા જગતની સ્વીકૃતિની દૃષ્ટિએ આનંદીબહેન જ સાચા અર્થમાં મોદી મંત્રીમંડળમાં 'નંબર-ટુ' હતાં તે કોઈથી અજાણ્યું નથી. પાટીદાર હોવા ઉપરાંત તેઓ શિક્ષણ જગતમાંથી આવતાં હોઈ એમની પસંદગી વિશેષ આવકારદાયક અને પાર્ટી માટે ઉપકારક નીવડશે. વળી વડાપ્રધાનનાં વિશ્વાસુ હોવાને લીધે કેન્દ્ર સરકાર સાથે રાજયસરકારનું ટ્યૂનિંગ રહ્યા કરશે, જેનો ગુજરાતના વિકાસની હરણફાળ લેખે લાભ મળશે. આનંદીબહેન પણ નરેન્દ્ર મોદીની જેમ 'સેલ્ફ મેઈડ' નેતા છે. વિજાપુર તાલુકાના ખરોડ ગામના એક અદના ખેડૂત પરિવારની કન્યાએ સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે ભવિષ્યમાં સમગ્ર ગુજરાતની ધુરા એના ખભે મુકાવાની છે. આનંદીબહેનને એમની આ નવી જવાબદારીમાં સફળતા સાંપડે, એ જ શુભેચ્છા. નરેન્દ્રભાઈની વિદાય સાથે ઉત્તર ગુજરાતની જ એક 'મહિલા' મુખ્યમંત્રી બને છે, તે ઘટના ખરેખર ગુજરાતના ઈતિહાસ માટે સીમા ચિહ્ન રૂપ બની રહેશે.

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા અગિયાર દિવસીય બાલોત્સવ-૨૦૧૪નો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૧
રાજ્યના બાળકોની શક્તિઓને ખિલવવાનું કાર્ય કરતી ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા અગિયાર દિવસીય બાલોત્સવ-૨૦૧૪નો શુભારંભ કરવામાં આવ્યો હતો. મહેમાનોની ઉપસ્થિતિમાં બાલોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં રાજયભરમાંથી બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલ કડી વિશ્વ વિદ્યાલયના બ્રહ્માણીકૃપા હોલમાં આજ રોજ ચિલ્ડ્રના યુનિવર્સિટી દ્વારા યોજાનાર બાલોત્સવ-૨૦૧૪નો દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કડી વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, સલાહકાર, જ્યોતિબેન થાનકી, રજીસ્ટ્રાર અમિત જાની ઉપસ્થિત રહ્યા હતા.

બાલોત્સવમાં વિવિધ થીમ પર શિખવાડનાર તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને આ બાલોત્સવમાં ખુબજ ખંતથી શિખવા માટે જણાવ્યું હતું. બાલોત્સવમાં બે દિવસ પ્રવાસ કરાવવામાં આવશે. જેમાં અમદાવાદનો પ્રસિદ્ધ કાંકરિયા વિસ્તાર અને ગાંધીનગરમાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન અને અક્ષરધામ મંદિરની મુલાકાત કરાવવામાં આવશે. આજથી શરૂ થયેલ બાલોત્સવની પૂર્ણાહૂતિ તા. ૧ જૂનના રોજ કરવામાં આવશે. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓએ શિખેલી કળા પ્રદર્શિત કરશે. જેમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

ભારતમાં પ્રથમ પુરૂષ પીએમ અને ગુજરાતમાં પ્રથમ મહિલા સીએમ... અભિનંદન...

આજે આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧
સંયુક્ત રાષ્ટ્રએ જૈવવિવિધતાનાં મુદ્દાઓ અંગે સમજણ અને જાગૃતિ વધારવા માટે ૨૨મી મે ને આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ તરીકે જાહેર કર્યો છે. આંતરરાષ્ટ્રીય જૈવીક વિવિધતા દિવસની ઉજવણીના ભાગરૂપે, ગુજરાત જૈવવિવિધતા બોર્ડ (જીબીબી)ના સહયોગથી ગુજરાત સાયન્સ સિટી (જીએસસી) અને ગુજરાત વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી પરિષદે ૨૨મી મે, ૨૦૧૪ના રોજ જૈવસંશાધન અને જૈવવિવધતા પર કેટલીક શૈક્ષણિક અને તેને પ્રસારતી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. આ ઉજવણીનો વિષય 'ટાપુ જીવવિવિધતા' છે.

જૈવિક વિવિધતા અથવા જૈવ વિવિધતાને સંદર્ભમાં સમજવા માટે વિવિધ છોડ, પ્રાણીઓ અને સુક્ષ્મજીવો અબજો વર્ષોની ઉત્ક્રાંતિના ફળરુપે હાલની જૈવવિવિધતા જે કુદરતી પ્રક્રિયા અને વધારેમાં વધારે મનુષ્યોના પ્રભાવથી આકાર પામેલ છે. જે જીવનની એવી રેખાકૃતિ બનાવે છે જેમાં પ્રાણી અને છોડ બંને એક અભિન્ન ભાગ છે અને બધા સંપૂર્ણપણે એકબીજા પર આધારિત છે.

સમગ્ર વિશ્વ પરનો પૃથ્વી એક માત્ર ગ્રહ છે જે પોતાની સપાટી પર જળ અને જીવન ધરાવે છે. આદિકાળના સમુદ્રના પરિણામરૂપ જીવસૃષ્ટિનો ઉદ્ભવ સેંકડો વર્ષોથી થતો આવ્યો છે. વિશ્વનો ૭૧ ટકા જેટલો વિસ્તાર સમુદ્રએ આપેલો છે અને જેણે ૯૦ ટકા જેટલા રહેઠાણોની રચના કરેલ છે તે ક્યારેય પૃથ્વી પર હોય તેવા અબજોમાંથી પણ થોડા અબજો કદાવર પ્રાણીઓને સમાવે છે. અર્થાત આકાશમાં જેટલા તારાઓ છે તેનાથી પણ વધુ દરિયાઈજીવો હયાત છે.

ટાપુઓ લગભગ ૬૦૦ કરોડ લોકોનું રહેઠાણ છે જે દુનિયાની કુલ વસ્તિના દસમા ભાગ જેટલું કહી શકાય. ટાપુવાસીઓએ વારસામાં મેળવેલી તેમની અદ્ભૂત સંસ્કૃતિ સાથે તેમની આર્થિક, પર્યાવરણીય અને સંસ્કૃતિને સીધી અથવા આડકતરી રીતે તેમની આસપાસના પર્યાવરણમાંથી મળી આવતા સમૃદ્ધ કુદરતી સંશાધનોમાંથી પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રાજ્ય પાસે સમૃદ્ધ જૈવવિવિધતા ઉપરાંત તેના દરિયાઈ સંશોધનોમાં વિશિષ્ટ શક્તિ છે. આપણો સૌથી લાંબો દરિયા કિનારો ઈર્ષાભાવ જગાડે તેવી સમૃદ્ધિ બક્ષે છે. વિવિધ પ્રજાતિઓ જેમ કે ૪૬૨ વનસ્પતિની દરિયાઈ પ્રજાતિઓ અને ૭૮૨ દરિયાઈ પ્રાણી સૃષ્ટિની પ્રજાતિઓ સંશોધન અને વિકાસ માટે પાયાનો આધાર આપે છે.

આજે સે. ૧૭ ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧
ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર દ્વારા રાજા રામમોહન રોયની જન્મજયંતિ નિમિત્તે તેમના જીવનકવન અને વિચારોને પ્રતિબિંબિત કરતા પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવશે.

શહેરના સેક્ટર-૧૭માં હેલિપેડ પાસે આવેલ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયમાં રાજા રામમોહન રોયની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે તા. ૨૨ મે, ગુરૂવાર સવારે ૧૧.૦૦ વાગે ભાગ્યેશ જહા, સચિવશ્રી રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ચંદ્રકાન્ત મહેતા પ્રસિદ્ધ સાહિત્યકાર, અતિથિવિશેષ તરીકે હર્ષદભાઈ શાહ કુલપતિ બાળવિશ્વ વિદ્યાલય અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહેશે.

રાજપૂત સમાજનું ગૌરવ

શહેરના સેક્ટર-૨૭ આનંદનગરમાં રહેતા અને મુળ કોલવડાના વતની અને સામાજીક અગ્રણી છત્રસિંહ વાઘેલાની પૌત્રી વિરા કિરીટસિંહ વાઘેલા જે હિલવુડ સ્કુલમાં ધોરણ-૧૦ સી.બી.એસ.સી. અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે. તેણીએ ચાલુ વર્ષે લેવાયેલ પરીક્ષામાં ૯૮ ટકા ગુણ મેળવી સ્કુલનું, ગામનું અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

રવિવારે કડવા પાટીદાર સમાજનો પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૧
કડવા પાટીદાર જીવનસાથી પસંદગી કેન્દ્ર ગાંધીનગર અને અમદાવાદ દ્વારા રાણીપ અને સેકટર-૨૪ કેન્દ્ર પર નોધણી કરવામાં આવેલ યુવક યુવતિઓનો જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે.

ગાંધીનગર સેકટર-૧૨માં આવેલ ઉમિયા માતાજી મંદિર ખાતે તા. ૨૫ મે, રવિવારના રોજ બપોરે ૨-૦૦ થી ૭-૦૦ કલાક સુધી ૪૨ કડવા પાટીદાર સમાજના પ્રમુખ હસમુખભાઈ પટેલની અધ્યક્ષતામાં કડવા પાટીદાર સાજનો જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. આ સંમેલનમાં અમદાવાદના રાણીપ, કૃષ્ણનગર અને ગાંધીનગરના સે-૨૪ સ્થિત કાર્યાલય પર નોંધણી થયેલ યુવક-યુવતિઓનો પસંદગી મેળો યોજાશે તેમજ આ પ્રસંગે અપરણિત, છુટાછેડા, વિધવા યુવતિઓની નોંધણી વિના મૂલ્યે કરવામાં આવશે. નોંધણી કરાવેલ યુવક-યુવતિઓએ પોતાના એક વાલી સાથે સંમેલનમાં હાજર રહવા ડૉ. ડી.એસ. પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧
સેક્ટર-૧૨ સિવિલ કમ્પાઉન્ડમાં આવેલી સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને ટીચીંગ સ્ટાફ દ્વારા ફ્લોરેન્સ નાઈટીંગલની જન્મ જયંતિ નિમિત્તે કેક કાપવામાં આવી હતી.

તાપી જિલ્લાના ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ વિદ્યાર્થીઓને કારકિર્દી વિશે માર્ગદર્શન અપાશે

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કેમ્પ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓને કારકિર્દી પંસદગીમાં પડતી મુશ્કેલીઓનું સમાધાન આપવામાં આવશે.

બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ સૌથી મોટી સમસ્યા વિદ્યાર્થીઓ અને વાલીઓને સતાવતી હોય છે. ધોરણ-૧૨ બાદ શું કરવું ? કેવી લાઈન પસંદ કરવી જેવી અનેક સમસ્યાઓ સતાવતી હોય છે. ત્યારે તાપી જિલ્લાના ધોરણ-૧૨ પાસ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩ અને ૨૪ મે ના રોજ સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કોર્ટ-સોનગઢ ખાતે બે દિવસીય કેમ્પ યોજવામાં આવશે. આ કેમ્પમાં વિદ્યાર્થીઓને મેડીકલ, કૃષિ, પશુચિકિત્સા, શિક્ષણ, આઈ.ટી., ઈજનેરી, ઉદ્યોગક્ષેત્રની જરૂરીયાત, તેમજ સર્વિસ સેક્ટરની નોકરીઓની તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવશે. આ માર્ગદર્શન કેમ્પમાં તાપી જિલ્લાના વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઉત્તમ પુસ્તકો જીવતા જાગતા દેવ છે, જ્ઞાનવૃદ્ધિ માટે પુસ્તકોને પ્રેમ કરવો જોઈએ

પુસ્તકની દુનિયામાં ડોકિયું
- હર્ષદ પ્ર. શાહ

વેકેશનના દિવસો છે. કોઈએ ફરવા જવાનું આયોજન કર્યું હશે. કોઈએ પોતાનાં બાળકોને બાલોત્સવ, સમરકેમ્પ કે વ્યક્તિત્વ-વિકાસ શિબિરમાં મોકલવાનું ગોઠવ્યું હશે. ધોરણ નવમાંથી દસમામાં આવેલા વિદ્યાર્થીઓએ પોતાને ઉત્તમ પરીક્ષાર્થી બનાવવાના પ્રયત્ન આરંભી દીધા હશે... કેટલાકે કંઈ ન કરી પૂર્ણ આરામનો સંકલ્પ સેવ્યો હશે, પણ એવા બહુ થોડા હશે જેમણે પુસ્તકોનો સંગ માણવાનું વિચાર્યું હશે.

મારે એ કહેવું છે કે કદાચ પુસ્તક જેટલો વફાદાર મિત્ર, ઉત્તમ મનોરંજક અને શ્રેષ્ઠ શિક્ષક બીજો કોઈ નહીં હોય! પુસ્તકો કંઈ પણ ન બોલીને આપણી સાથે સતત વાતો કરે છે. એમાંના શબ્દો અવનવા આકાર ધારણ કરીને આપણી લાગણીઓ અને ભાવનાઓને સ્પર્શે છે. આપણી સંવેદનાઓને ધારદાર બનાવે છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ- ત્રણેય અવસ્થાનું દર્પણ બને છે. અનેક મહાનુભાવો, સાક્ષરો, વૈજ્ઞાનિકો, ઋષિ-મુનિઓ, ચિંતકો વગેરેએ કરેલી જ્ઞાનસાધનાની આપણને પ્રતીતિ કરાવે છે. કાળના પ્રવાહમાં વહી ગયેલી અનેક ઘટનાઓ તાજી કરાવે છે. આપણી પ્રિય માતૃભૂમિ, પૃથ્વીમાતા અને સમસ્ત બ્રહ્માંડની સૂક્ષ્મ, શાશ્વત અને મહત્વપૂર્ણ વાતો આપણા મન પર અંકિત કરે છે. ઈશ્વરે સર્જેલા આ વિરાય વિશ્વમાં વિહાર કરાવે છે. સાહસ, શૌર્ય, કરુણા, સંવેદના, અનુકંપા, પ્રેમ, ભક્તિ અને રાષ્ટ્રપ્રેમ જેવાં અનેક ગુણ-તત્વોનો આવિષ્કાર કરી આપણું જીવન સમૃદ્ધ બનાવે છે.

પુસ્તકનાં આટલાં ગુણગાન શું ઓછાં છે? જીવનને વિચાર-વૈભવના વારસાથી સુસજજ કરવાની જેની અદ્વિતીય ક્ષમતા છે એ 'પુસ્તક' નામના મિત્ર સાથે આપણી મૈત્રી કેવી અને કેટલી છે? આપણા ઘરમાં મંદિર હશે, પણ શું ગ્રંથમંદિર છે? આપણા ઘરમાં કેટલા ઉત્કૃષ્ટ પુસ્તકો છે એ વિષે વિચાર્યું છે? ટીવીની સામે બેસવાના અસંખ્ય કલાકો આપણી પાસે છે, પણ શું પુસ્તકની સાથે બેસવાનો સમય આપણી પાસે છે?

મેં કેટલાયને પ્રશ્નપૂછ્યો છે... 'છેલ્લું કયું પુસ્તક વાંચ્યું?' એનો બહુ સંદિગ્ધ કે વિચિત્ર જવાબ મળ્યો છે.. હા, હું રોજ છાપું વાંચું છું... ફલાણું મેજેઝીન નિયમિય વાંચું છું.... પણ, એક સારા પુસ્તકનું નામ એમના મોઢેથી ભાગ્યે જ નીકળે છે.

ઉત્તમ પુસ્તકો જીવતા જાગતા દેવ છે. જ્ઞાનવૃદ્ધિ માટે પુસ્તકોને પ્રેમ કરવો જોઈએ. જે લોકોને બાળકોના શિક્ષણનું- ઘડતરનું કે સમાજ-પ્રબોધનનું કામ કરવું છે એમણે તો સતત પુસ્તકોનો સહવાસ કેળવવો જોઈએ. પુસ્તકો એમને સુસજજ કરશે, ઊંડાણ આપશે, વૈચારિક ઊંચાઈએ લઈ જશે... જે છેવટે સમાજના હિતમાં કામ આવશે.

માનવજાતે મેળવેલું બધું જ્ઞાન પુસ્તકોમાં સંગ્રહિત છે. તેથી કુટુંબના દરેક સભ્યે સારાં પુસ્તકો સાથે મિત્રતા કરવી અનિવાર્ય છે. પુસ્તકોની સાથે નિકટતા ન કેળવનાર જીવનમાં ઘણી મોટી ઊણપ સર્જાય છે. બીજા કોઈ સાધન કે યંત્રથી એ ઊણપ નહીં પુરાય. એ પુસ્તકો જ કરી શકે... અને માટે પુસ્તકોનું સ્થાન અનન્ય છે. એની મહત્તા સમજવી જોઈએ. પુસ્તકોની ગરિમા જે જાળવે છે તેની ગરિમા પુસ્તકો પણ વધારે છે.

મિલ્ટને કહ્યું છે, 'સારું પુસ્તક એક મહાન આત્માનું જીવન રકત છે, કારણ કે એમાં એના જીવનનો તથા વિચારોનો સાર રહેલો હોય છે.'

ગ્રંથો સજીવ હોય છે. એમનામાં આત્મા હોય છે. સદ્ગ્રંથોનો યોગ્ય ઉપયોગ જો સંસ્કૃતિના હસ્તાંતરણમાં કરવામાં આવે તો એ અમર બની જાય છે અને સંસ્કૃતિના રક્ષક તરીકેની ભૂમિકા ભજવે છે.

સિસેરોએ કહ્યું છે, 'પુસ્તકો વગરનો ઓરડો આત્મા વગરના દેહ સમાન છે.' આનું તાત્પર્ય એ છે કે ઉત્તમ પુસ્તકો ન હોય તો મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે અને જ્ઞાન વગરનો મનુષ્ય મરેલા સમાન છે. જે લોકો સદૈવ સારાં પુસ્તકો વાંચે છે, તેમની ચેતના જ્ઞાનરૂપી પ્રકાશથી ઝમગી ઊઠે છે. તેથી જ લોકમાન્ય ટિળકનું વાકય યાદ કરવા જેવું છે, 'મને નરકમાં મોકલી દો તો પણ, જો મારી પાસે સારાં પુસ્તકો હોય તો હું નરકને પણ સ્વર્ગ બનાવી દઉં.'

મનુષ્યની પ્રગતિમાં ઉત્તમ પુસ્તકોના સ્વાધ્યાયનું વિશિષ્ટ મહત્વ છે. જયોર્જ વૉશિંગ્ટનના મનમાં સ્વતંત્રતાની આગ પુસ્તકોએ જ લગાડી. રોમાં કોલાંની નવલકથા 'જાં ક્રિસ્તોફ' એ હજારો લોકોને નવી જીવનદૃષ્ટિ આપી. હેરિયટ સ્ટોના પુસ્તક 'ટોમકાકાની ઝૂંપડી' એ અમેરિકા તથા પાશ્ચાત્ય જગતમાં હલચલ મચાવી દીધી હતી અને મેકિસમ ગોર્કીની 'મા' એ રશિયાને હલાવી નાખ્યું હતું.

હિગેલના દર્શનના અધ્યયનથી માકર્સને પોતાની જીવનદૃષ્ટિ ઘડવાની પ્રચુર સામગ્રી મળી. એડમ સ્મિથ, ડેવિડ રિકાર્ડો વગેરે અર્થશાસ્ત્રીઓની કૃતિઓએ અર્થકારણને નવી દિશા આપી. લેનિનને રશિયાની સમાજવાદી ક્રાંતિની પ્રેરણા માકર્સ એન્જેલ્સનાં પ્રભાવશાળી પુસ્તકોમાંથી જ મળી હતી. એ જ રીતે અમેરિકા અને રશિયા બંનેના સ્વાતંત્ર્ય- સંગ્રામોમાં પુસ્તકોએ જ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આફ્રિકાના દેશોમાં જે જાગૃતિ જોવા મળે છે એની પાછળ પણ પુસ્તકોની પ્રેરણા જ કારણભૂત છે. કેનેથ કાઉંડા, જોમો કેન્યાતા, મકારિયોસ વગેરેએ કોઈ વ્યક્તિના સત્સંગથી નહીં,પણ પુસ્તકોના સંગમાંથી જ સંઘર્ષ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરી હતી. માઓત્સે તુંગને માત્ર માકર્સનાં જ પુસ્તકોએ નહીં, સનાયત સેનનાં પુસ્તકોએ પણ પ્રભાવિત કર્યા હતા. હોચી મિન્હ અને વેમ્બેવારા માકર્સવાદી સાહિત્યના અભ્યાસીઓ તેમ જ પ્રણેતાઓ હતા.

બારતના ક્રાંતિકારીઓના જીવનમાં બંકિમચંદ્રના 'આનંદ મઠ', શરદબાબુના 'પથેર દાબી' અને લોકમાન્ય ટિળકના 'ગીત રહસ્ય'ની વિશિષ્ટ ભૂમિકા હતી. વિવેકાનંદ અને મહર્ષિ અરવિંદનાં પુસ્તકોએ અનેક પ્રકારનાં અભિનવ રાષ્ટ્રીય, સાંસ્કૃતિક તથા સામાજિક કાર્યોને વેગ આપ્યો. ખુદ સ્વામી વિવેકાનંદ અને અરવિંદે પણ વેદ, ઉપનિષદ, ભારતીય શાસ્ત્રો અને પાશ્ચાત્ય દાર્શનિક ગ્રંથોનું ગંભીર અધ્યયન કર્યું હતું.

ગુજરાતની અસ્મિતાનું ગૌરવ આજે પણ ઝવેરચંદ મેઘાણી, કનૈયાલાલ મુનશી, ગુણવંતરાય આચાર્ય, નર્મદ અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા અનેક સમર્પિત અને સમર્થ સાહિત્ય સર્જકોના સમર્જનમાં અકબંધ છે.

ગાંધીજી પર રસ્કિનના પુસ્તક '**Un to the last**'ની બહુ ઊંડી અસર હતી. વિનોબાજી ગીતાના પ્રખર અભ્યાસી હતા. સ્વામી વિવેકાનંદનું તેજ ઉપનિષદોના અભ્યાસથી પ્રગટ્યું. શિવાજીના માનસ પર રામાયણ- મહાભારતના સંસ્કારો હતા.

દાર્શનિક એમરસન કહેતા, 'પુસ્તકો પ્રત્યેનો પ્રેમ એ ઈશ્વરના રાજયમાં પહોંચાડનારું વિમાન છે.' કેમ્પિસે એક વાર પોતાની સાથીઓને કહ્યું હતું, 'તમારો કોટ વેચીને ઉત્તમ પુસ્તકો ખરીદો. કોટ વગર શિયાળામાં શરીરને કષ્ટ પડશે પરંતુ પુસ્તકો વગર તો આત્મા તડપ્યા કરશે.

દક્ષિણ ભારતના એક ગરીબ બાળકને વાંચવાની ભૂખ સંતોષવા વીજળીના થાંભલા નીચે વાંચવું પડતું. પુસ્તકો ખરીદવા એની પાસે પૈસા નહોતા તેથી તે પુસ્તકાલયમાં જતો. તેણે જ્ઞાનબુદ્ધિની સાધના નિરંતર ચાલુ રાખી. પરિણામે એની બૌદ્ધિક પ્રતિભાનો એટલો બધો વિકાસ થયો કે અંગ્રેજ સરકારે તેમને હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા. તે બાળક એટલે સર ટી.એસ. મુતુસ્વામી ઐયર.. આવું મહત્વપૂર્ણ પદ મેળવનાર તેઓ પહેલા ભારતીય હતા.

આચાર્ય અત્રે એકવાર બીમાર પડ્યા. એમના ખાટલા પાસે ઢગલાબંધ પુસ્તકો પડેલાં હતાં. પુસ્તકો વાંચીને તેઓ મનને હળવું કરતા. એક મિત્ર મળવા આવ્યા. એમણે એમને પુસ્તકો વાંચ્યા વગર સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી. અત્રેથી એ હસતાં હસતાં કહ્યું, 'હું બીમાર છું પણ ભૂખ્યો કઈ રીતે રહું? મારો ખોરાક જ હું પુસ્તકોમાંથી મેળવું છું.'

કેટલાંક પુસ્તકો ચાખવાનાં હોય છે, કેટલાંક ગળી જવાનાં હોય છે અને કેટલાંક ચાવીને પચાવી જવાનાં હોય છે. પુસ્તકો હૂંફ આપે છે, સુરક્ષા આપે છે, શક્તિ આપે છે, આત્મવિશ્વાસ આપે છે અને માર્ગદર્શન આપે છે. પુસ્તક આપણી શંકાનું સમાધાન કરે છે અને સમસ્યાઓના ઉકેલ આપે છે.

મહાત્મા ગાંધી કહેતા કે હું જયારે જયારે મૂંઝવણમાં કે દુઃખમાં હોઉં ત્યારે ગીતા વાંચું છું અને મને અચૂક સમાધાન મળી રહે છે. પુસ્તકનાં પાત્રો આપણી અથવા આપણી આસપાસના લોકોની પ્રતિકૃતિ હોય એવું લાગે છે.

કેટલાક કવિઓના શબ્દોમાં કેવી તાકાત હોય છે તે તો જુઓ! કવિ સુન્દરમની નીચેની પંકિતઓ રોમેરોમમાં ચૈતન્ય જગાવી દે છે-

'તને મેં ઝંખી'તી યુગોથી ધખેલા
પ્રખર સહારાની તરસથી'

આવી કાવ્યપંક્તિઓ કે જે આપણામાં અદ્ભુત સ્પંદનોનો સ્પર્શ કરે છે તે પુસ્તક વિના શકય છે?

પુસ્તકની તાકાતને અહીં નીચે બહુ માર્મિક શબ્દોમાં પ્રસ્તુત કરવામાં આવે છે-

'તારા લગ્નપ્રસંગે
તને ઘણી ભેટ આવશે.
કોઈ સોનાની, કોઈ રૂપાની
કોઈ આપશે ઘડિયાળ, કોઈ ટ્રાન્ઝિસ્ટર
પપ્પાના કોઈ 'ફોરિનનાફ્રેન્ડ' તને આપશે સુંદર હીરાનો હાર!
મેં આપેલું પુસ્તક તું એક બાજુ પર હડસેલીને કહેશેઃ આવી નકામી ભેટ શું આપતા હશે લોકો?
....આવા પ્રસંગે?
પણ, કયારેક એકાદ દિવસ
આકાશમાં વાદળ ચડી આવશે
અને તું ગમગીન થઈ જશે
કેમ કરી તને કશુંય નહીં ગમે
ત્યારે તું એકાદ પુસ્તક શોધશે
અને બસ એમ જ...
મારું આપેલું પુસ્તક તારા હાથમાં આવશે
એના શબ્દે તું એક બીજુ દુનિયામાં ખોવાઈ જશે
જયારે સોના અને ચાંદીનો ઝગમગાટ શાંત થઈ ગયો હશે
ત્યારે તારી આંખના ખૂણેથી
એક આંસુ સરી પડશે
અને...
હું તને યાદ આવીશ.'

આ છે પુસ્તકનું સત્વ, તત્વ અને સામર્થ્ય!

ઈશ્વર જ આપણી માતા, પિતા, બંધુ, સખા છે એવું આપણે ઘણીવાર બોલીએ છીએ... એ વાત પુસ્તકને પણ એટલી જ લાગુ પડે છે. પુસ્તકમાં માતાનો સુંવાળો અને હુંફાળો સ્પર્શ આપવાની ક્ષમતા છે, પિતાનો પ્રેમ ભરેલો ઠપકો આપવાની શક્તિ છે, ભાઈની જેમ ટેકો કરવાની અને મિત્ર સાથે જીવનની ખાટી-મીઠી પળોમાં ગુફતેગો કરવાની પણ ક્ષમતા છે. પુસ્તકનું વાચન માણસને સ્થિર, સમજુ અને શાણો બનાવી શકે છે. તેથી જ તે વિદ્યા અને સરસ્વતીનું રૂપ પણ છે.

પ્રખર ચિંતક શ્રી અરુણભાઈ યાર્દી એમની એક નાનકડી પુસ્તિકા 'સોસંરવા સૂર'માં કહે છે, 'ઘરમાં ગમે તેટલું રાચરચીલું હોય પરંતુ પુસ્તક સિવાય તે ખાલી છે. પુસ્તકમાંથી આપણે કાંઈક મેળવીએ છીએ એના કરતાં પુસ્તક આપણી અંદર પડેલું શ્રેષ્ઠત્વ બહાર લાવે છે. એ વધુ સાચું છે. અન્ય કોઈપણ ભૌતિક વારસા કરતાં પુસ્તકોનો વારસો આપી જનાર સંતાનને ઘણું બધું આપે છે. મા બાપ સંતાનોને અથવા શિક્ષક વિદ્યાર્થીઓને બાગમાં, પર્યટનમાં, હીલ સ્ટેશને ફરવા લઈ જાય તે જ રીતે પુસ્તકાલયના પ્રવાસે પણ લઈ જવા જોઈએ. બાળક પોતાની રીતે પુસ્તક જુએ, વાંચે, તેમાંથી લખે એવા સંસ્કાર એને મળવા જોઈએ. પુસ્તક તેને દુશ્મન લાગે તેને બદલે તે તેનો પ્રિય મિત્ર લાગવું જોઈએ.'

પણ અત્યારે, ઈન્ફરમેશન ટેકનોલોજી- આઈ.ટી.ના વાવાઝોડામાં પુસ્તક દૂર ફેંકાઈ ગયું છે. શિક્ષક-પ્રાધ્યાપકોને પણ પુસ્તકો વાંચવા જ પડે એ જરૂરી નથી રહ્યું. ઈન્ટરનેટ પર બધી જ માહિતી ઉપલબ્ધ છે પછી પુસ્તકની શી જરૂર? સમય પણ કયાં છે? નવારા લોકો ભલે વાંચતા... આ પ્રકારની માનસિકતા હિતકારી નથી.

સંસ્કૃતિને બચાવવી હશે તો 'પુસ્તક'ને બચાવવું પડશે. 'પુસ્તક બચાવો- સંસ્કૃતિ બચાવો' એ મંત્ર ઘરે ઘરે ગૂંજવો જોઈએ. સમાજમાં પુસ્તકો વાંચનારા જ નથી એમ કહેવું પણ અતિશયોક્તિ ભર્યું થશે. માતા-પિતા, શાળા, કોલેજો, વિશ્વવિદ્યાલયો અને સરકાર બાળકોને પુસ્તકોનું ઘેલું લગાડી શકે.

લેખના આ વળાંકે જરા 'વાંચે ગુજરાત' અભિયાનને યાદ કરી લઈએ. ન કલ્પી શકાય એવી આ ઘટના હતી.. માત્ર ગુજરાતના ઈતિહાસમાં નહીં, વિશ્વના ઈતિહાસ! લાખો લોકોએ કરોડો પુસ્તકો વાંચ્યાં. વિદ્યાર્થીઓએ ખૂબ ઈતરવાંચન કર્યું, પણ ભણવામાં નબળા ન પડ્યા, ઊલટાના વધુ તેજસ્વી બનીને બહાર આવ્યા. શિક્ષકો પણ વાંચતા થયા.

કેટકેટલાં સૂત્રો વહેતાં થયાં હતાં! -
પેપ્સી નહીં, પુસ્તકો આપો.
બુકે નહીં, બુક આપો.
ચાંલ્લો નહીં, ચોપડી આપો.
જે વાંચે તે વિચારે અને વિચારે તે વિકસે.
પુસ્તક વિષે આવું ઘણું બધું થયું.
ઘેર ઘરે ગ્રંથમંદિરો થયાં. પુસ્તક- પરબો થઈ.
ત્રણ પેઢીઓ વચ્ચે પુસ્તક સેતુ સમાન બન્યું.
માટે હે ગુર્જરજનો!
યાદ રાખો...

પુસ્તક વાંચવું કદી મોઘું હોતું નથી અને પુસ્તક વાંચવામાં કદી મોડું થતું નથી.

પુસ્તક દેવો ભવ!

.... તો આ લેખ વાંચીને એક સારું પુસ્તક હાથમાં લો.